નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## અગત્યની નોંધ :-

(૧) પરિપત્ર નં.૭૧/તા.૮-૯-૧૫ મુજબ ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ પ્રસંગ અન્વયે યોજવાની થતી વકતૃત્વ સ્પર્ધા નીચે દર્શાવેલ ગુણભાર મુજબ યોજવાની રહેશે.

સમય અવધિ :- ૫ થી ૭ મિનિટ

મૂલ્યાંકન માળખું :- કુલ : ૫૦ ગુણ

પૂર્વ ભૂમિકા - ૫ ગુણ, વિષયવસ્તુ-૨૫ ગુણ , ઉચ્ચારશુદ્ધિ તથા આરોહ અવરોહ-૧૦ ગુણ, સમગ્ર રજૂઆત-૧૦ ગુણ

(૨) ધો.૬ થી ૮નાં વિદ્યાર્થીઓને જો તેમના વાલી અભણ હોય, અંગુઠો કરતા હોય તો જો વિદ્યાર્થી પોતાના વાલીને સહી કરતા તા.૨-૧૦-૧૫ સુધીમાં શીખવાડી દે તો 'અમદાવાદ અંગુઠા મુક્ત' બની શકે, તો આ અંગે તમારી શાળાના વિદ્યાર્થીઓને પોતાના માતાપિતાને સહી કરતા શીખવાડવાનું કહી શકાય.

(૩) તા.૨૯-૧૦-૧૫થી પ્રથમ સત્રાંત પરીક્ષા શરૂ થનાર છે. મુખ્ય શિક્ષકશ્રીઓએ અભ્યાસક્રમની ફાળવણી મુજબ પોતાની શાળાના તમામ ધોરણોમાં શિક્ષણકાર્ય થયું છે કે કેમ તે ચકાસી લેવું અને મુખ્ય શિક્ષકશ્રીએ પોતાના ભાગે જે ધોરણના જે વિષય ફાળવ્યા હોય તે મુજબ શિક્ષણ કાર્ય પુરૂ કરવું. પરીક્ષા પહેલાં પ્રથમસત્રનો અભ્યાસક્રમ પૂર્ણ થાય તેની કાળજી રાખવી.

તા.૧૬-૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી